પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન,
જેલ રોડ વડોદરા શહેર-૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦, કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./પરીક્ષા જાહેરનામું/ ૩૩૯૯ /૨૦૨૫ તારીખ: ૨૧/૦૬/૨૦૨૫

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(BNSS-૨૦૨૩) કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ

વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર S.S.C ધોરણ-૧૦ તથા H.S.C ધોરણ-૧૨ વિ.પ્ર તેમજ સામાન્ય પ્રવાહ પરીક્ષા તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ સુધી S.S.C ની પરીક્ષા ક.૧૦/૦૦ થી ક.૧૩/૧૫ અને H.S.C ની પરીક્ષા ક.૧૦/૩૦ થી ક.૧૩/૪૫ તથા ક.૧૫/૦૦ થી ક.૧૮/૩૦ સુધી લેવાનાર છે. વડોદરા શહેર વિસ્તારમા કુલ-૪૭ કેન્દ્રો ઉપર પરીક્ષા લેવામાં આવનાર છે. જે સ્કુલ/ હાઈસ્કુલોમાં પરીક્ષા લેવામાં આવનાર છે, તે કેન્દ્રોની યાદી નીચે મુજબ છે.

આ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરીતીઓ ન થાય પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરીક્ષાના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષાઓમાં ગેરરીતીઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવાનો જરુરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર; જીલ્લા શિક્ષણાધિકારી વડોદરાની કચેરીના ક્રમાંક:બોર્ડ/પૂ.પરીક્ષા/૨૦૨૫/૩૯૯૨ તા.૧૬/૦૬/૨૦૨૫ ના આધારે તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર : જીજી/૬/ફક/૧૦૮૮/૬૭૫૦/મ. જેમાં વડોદરા શહેરનાં પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને મદદનીશ પોલીસ કમિશ્નર ને એકઝી.મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય, તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે (પરીક્ષાના દિવસો દરમયાન) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

### -: કૃત્યો :-

(૧) વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ / હાઇસ્કુલ) માં પરીક્ષા લેવાનાર છે જે-તે પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ ના રોજ ક.૦૮/૦૦ થી ક.૨૦/૩૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઇ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન,વાયરલેસ, સ્માર્ટવોચ,બ્લુટુથ,કેમેરા,લેપટોપ સાહિત્ય વિગેરે લઇ જવા ઉપર, કે ઈલેકટ્રોનીક ઉપકરણો લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

(૨) પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમા ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી,

(૩) પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો ચાલુ રાખી શકાશે નહી.

(૪) પરીક્ષા સ્થળની આજુબાજુ લાઉડ સ્પિકર વગાડી શકાશે નહી.

(૫) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાઇ નહી તે માટે સવારે ક.૦૮/૦૦ થી ૨૦/૩૦ કલાક દરમ્યાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૬) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમયાન બિનઅધિકૃત વ્યકતિઓ પ્રવેશ કરી શકશે નહી.

### -: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્રની શાળાઓ /હાઈસ્કુલની વિગત નીચે મુજબ છે.



Scanned with OKEN Scanner

## SSC પુરક પરીક્ષા કેન્દ્ર

| અ.નં | કેન્દ્ર | પો.સ્ટે. |
|---|---|---|
| ૧ | રોઝરી હાઇસ્કુલ | સયાજીગંજ |
| ૨ | હીલ મેમોરીયલ હાઇસ્કુલ | સયાજીગંજ |
| ૩ | યુનિવર્સીટી એક્સ્પરીમેન્ટલ સ્કુલ અંગ્રેજી માધ્યમ | સયાજીગંજ |
| ૪ | કોન્વેન્ટ ઓફ જિસસ એન્ડ મેરી ગર્લ્સ સ્કુલ | ફતેગંજ |
| ૫ | સેંટ જોસેફ હાઇસ્કુલ | ફતેગંજ |
| ૬ | શ્રી તુલસીદાસ આર.પટેલ વિદ્યાલય | ફતેગંજ |
| ૭ | સેન્ટ્રલ જેલ, વડોદરા | રાવપુરા |
| ૮ | એલેમ્બીક વિદ્યાલય | ગોરવા |
| ૯ | સત્યનારાયણ વિદ્યાલય | ગોરવા |
| ૧૦ | ગાયત્રી વિદ્યાલય | ગોત્રી |
| ૧૧ | બેસીલ સ્કુલ | જે.પી.રોડ |
| ૧૨ | ઉત્કર્ષ વિદ્યાલય | અકોટા |
| ૧૩ | શબરી વિદ્યાલય | અકોટા |
| ૧૪ | કેળવણી ટ્રસ્ટ વિદ્યાલય | અકોટા |
| ૧૫ | વિદ્યુતબોર્ડ વિદ્યાલય | અકોટા |
| ૧૬ | વિદ્યુતબોર્ડ વિદ્યાલય ઇંગ્લીશ મિડીયમ | અકોટા |
| ૧૭ | બરોડા હાઇસ્કુલ, ઓ.એન.જી.સી. | મકરપુરા |
| ૧૮ | ન્યુ ઈરા હાઈસ્કુલ | મકરપુરા |
| ૧૯ | ઓકઝેલિયમ કોન્વેન્ટ હાઇસ્કુલ અંગ્રેજી માધ્યમ | માંજલપુર |
| ૨૦ | પંચશીલ હાઇસ્કુલ | માંજલપુર |
| ૨૧ | મહાત્મા ગાંધી વિદ્યાલય | માંજલપુર |
| ૨૨ | બ્રાઇટ ઇંગ્લિશ મિડીયમ સ્કુલ | હરણી |
| ૨૩ | શ્રી ક્રિષ્ના હિન્દી વિદ્યાલય | કારેલીબાગ |
| ૨૪ | સરદાર વિનય મંદિર | કારેલીબાગ |
| ૨૫ | જીવનચેતના વિદ્યાલય | સમા |
| ૨૬ | નવયુગ અંગ્રેજી માધ્યમ સ્કુલ | સમા |
| ૨૭ | માર ગ્રેગોરીયસ મેમોરીયલ હાઇસ્કુલ | સમા |

## HSC વિજ્ઞાન પ્રવાહ

| અ.નં | કેન્દ્ર | પો.સ્ટે. |
|---|---|---|
| ૧ | શ્રી સ્વામી વિવેકાનંદ વિદ્યાલય | પાણીગેટ |
| ૨ | શ્રી અંબે વિદ્યાલય | કપુરાઇ |
| ૩ | ઝેનીથ હાઈસ્કુલ | વાડી |
| ૪ | સરદાર વલ્લભભાઈ વિદ્યાલય | બાપોદ |
| ૫ | ન્યુ હેવન વિદ્યાલય | બાપોદ |
| ૬ | એસ.એસ.વી. સ્કુલ યુનિટ-૧. | બાપોદ |
| ૭ | એસ.એસ.વી. સ્કુલ યુનિટ-૨. | બાપોદ |
| ૮ | સાધુ વાસવાણી હાઇસ્કુલ | વારસીયા |
| ૯ | લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય | કારેલીબાગ |
| ૧૦ | સર્વમંગલ સ્કુલ | હરણી |
| ૧૧ | જય અંબે વિધાલય | હરણી |



Scanned with OKEN Scanner

**HSC સામાન્ય પ્રવાહ**

| અનં. | કેન્દ્ર | પો.સ્ટે. |
|---|---|---|
| ૧ | સેન્ટ્રલ જેલ વડોદરા | રાવપુરા |
| ૨ | મહારાણી કન્યા વિદ્યાલય | રાવપુરા |
| ૩ | નવજીવન હાઇસ્કુલ બગીખાના પોલો ગ્રાઉન્ડ | નવાપુરા |
| ૪ | બરોડા હાઈસ્કુલ, બગીખાના | નવાપુરા |
| ૫ | સયાજી બોઇઝ હાઇસ્કુલ | વાડી |
| ૬ | આર. & કે. પંડ્યા હાઇસ્કુલ | વાડી |
| ૭ | ડોન બોસ્કો હાઇસ્કુલ | માંજલપુર |
| ૮ | શ્રેયસ હાઇસ્કુલ, ગુજરાતી માધ્યમ. | મકરપુરા |
| ૯ | જીવન સાધના સ્કુલ, ગુજરાતી માધ્યમ | કારેલીબાગ |

**-: અપવાદ :-**

**આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.**

પરીક્ષા ફરજમા રોકાયેલ ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડના તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી અ.હે.કો સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

**:-સમયગાળો:-**

આ હુકમ પરીક્ષાના દિવસો દરમયાન તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ સુધી ના ક.૦૮/૦૦ થી ક.૨૦/૩૦ સુધી અમલમાં રહેશે.

**:-જાહેર વિજ્ઞાપન:-**

હું આથી આદેશ આપું છું કે,આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડસ્પીકર સાથેના વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ :૨૧ /૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

Commissioner of Police • Vadodara City, Vadodara

(નરસિમ્હા કોમાર)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ

(૨) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)



Scanned with OKEN Scanner

(૩) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૪) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્રારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

**<u>સવિનય નકલ રવાના :-</u>**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી, વડોદરા.
(૧૫) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી



Scanned with OKEN Scanner